# શ્રોતા

લખનૌના એક નવાબ સગીતના ઊંડા પારખુ તથા કલામર્મજ્ઞ હતા. તેમના દરબારમા દેશના ઉચ્ચ કોટિના ગાયકો તેમની કલા રજૂ કરવા આતુર રહેતા અને તેઓ તેને યોગ્ય બહુમાન તથા ઈનામ અકરામ પણ મેળવતા. દેશભરના સગીતના ચાહકો અહીં આવતા અને સગીત સાભળતા. એ સમયના લગભગ બધા જ જાણીતા ગાયકો દરબારમા આવી ચૂકેલા. માત્ર એક સિવાય....!

નવાબે તપાસ કરી. એક નોકરે કહ્યુ, ‘મને ખબર છે મહારાજ, તેની શરત એ છે કે જ્યારે તેનુ સગીત ચાલુ હોય ત્યારે કોઈએ ડોલવાનુ કે ઝૂમવાનુ નહીં! મહારાજ, સગીતના કાર્યક્રમમા આવુ તો સભવ છે ?’ ‘બસ, આટલુ જ.?’ નવાબે કહ્યુ, ‘તમારે મને પહેલા કહેવુ હતુ ને.! એને આમત્રિત કરો અને કહો કે તેની શરત આપણને મજૂર છે. તેનો દિવસ નક્કી કરી લખનૌ શહેરમા જાહેર કરો કે સગીતના સર્વે ચાહકોને આમત્રણ છે પરતુ આ શરત પાળી શકે તો જ આવે ...!’



આશ્ચર્યની વાત એ બની કે આ શરત છતા દસ હજાર લોકો તેનુ સગીત સાભળવા આવ્યા. શરત મુજબ કોઈએ સહેજ પણ ડોલવાનુ ઝૂમવાનુ ન હતુ. નવાબે આખાયે સભાગૃહની ફરતે એક હજાર સૈનિકો ખુલ્લી તલવાર સાથે તૈનાત કર્યા અને ફરમાન કર્યું કે કોઈ ઝૂમતુ દેખાશે તો તેનુ ડોકુ ઉડાવી દેવામા આવશે. કાર્યક્રમમા વિક્ષેપ ન પડે તે માટે નક્કી કરાયુ કે જો કોઈ નિયમનુ ઉલ્લઘન કરે તેનુ નામ લખી લેવુ. ગાયન પૂરુ થાય પછી સજા કરવી.

માત્ર બાર જણા માથુ ડોલાવતા નજરે ચડયા. તેઓને નવાબ અને સગીતકાર સમક્ષ રજૂ કર્યા. આ લોકો શરત ભૂલીને ઝૂમતા નજરે ચડયા છે. આપ આજ્ઞા કરો તો તેમના માથા ઉડાવી દઈએ.’’

સગીતકારે આશ્ચર્યથી તેમની સામે જોયુ પછી નવાબને કહ્યુ, ‘‘જહાપનાહ, આ બાર જણા જ સાચા કદરદાન છે. બાકીના બધાનુ ધ્યાન સતત તમારી ઉઘાડી તલવાર પર હતુ, સગીતમા નહીં. આખાય ટોળાને ઘરે જવા દો. તેઓ શ્રોતા નથી. તેઓ માત્ર ભીડ છે. સાચા શ્રોતા આ બાર જણા છે. હુ મારી અસલી ચીજ આ લોકો સામે રજૂ કરીશ.’’

નવાબ આશ્ચર્યથી સાભળી રહ્યા અને બોલ્યા, ‘‘અરે, સાચા લોકોને શોધવાનો અલગ જ નુસખો અજમાવ્યો તમે તો !’’

સગીતકારે કહ્યુ, ‘‘મહારાજ, આ જ એક માત્ર રસ્તો છે. આ એવા લોકો છે જેમના માટે સગીત જીવનથી પણ વિશેષ છે. સગીત તેમના આત્માને સ્પર્શે છે એટલે જ તો તેઓ બધુ જ ભૂલીને ડોલતા રહ્યા. આપ પુરસ્કૃત કરવા ચાહો તો મને નહીં, આ લોકોને કરજો કેમકે આવા કદરદાનોથી જ સગીત જીવત રહે છે.’’

**— ‘તથાગત’માથી સાભાર**

■